નં:–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૭૭/૪૩
જી.આઈ.ડી.સી, વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૯ – ૧૧ – ૨૦૧૦.

:–પ રિ પ ત્ર–:

વિષય:– **કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની કચેરી અથવા કેન્દ્ર/રાજય સરકાર હસ્તકના બોર્ડ/નિગમને હોસ્પિટલ બાંધવા માટે જમીનની ફાળવણી કરવા બાબતે.**

નિગમની જુદી જુદી વસાહતોમાં પ્લોટ,શેડ, વાણિજય મિલકતો વિગેરેની ફાળવણી સાથે સાથે વસાહતને અનુરૂપ આનુસાંગિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં હોસ્પિટલના હેતુસર નિગમની વસાહતમાં પ્લોટની ફાળવણી જે તે ઝોનને અનુલક્ષીને નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક/જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)/૦૫ તા.૦૬–૦૧–૨૦૦૯ મુજબ કરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની કચેરીને હોસ્પિટલના હેતુસર જમીનની ફાળવણીની ચોકકસ નીતિ અમલમાં ન હોઈ, નિગમની ૪૫૧ મી સભાની કાર્યસુચિ ક્રમાંક.૩૩/વિતરણ/૪૫૧ ના ઠરાવ ક્રમાંક.૧૪૫/વિતરણ/૪૫૧/૨૦૧૦ માં ઠરાવ્યા અનુસાર ૧૦૦૦ હેકટરથી વધુ ક્ષેત્રફળવાળી ઔદ્યોગિક વસાહતમાં, જો કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની કચેરી અથવા કેન્દ્ર/રાજય સરકાર હસ્તકના બોર્ડ/નિગમ ધ્વારા હોસ્પિટલ બાંધવા માટે જમીનની માંગણી કરવામાં આવે ત્યારે ગુણદોષ ઉપર ૫ એકર (૨ હેકટર) સુધીની જમીન રૂા.૧/– પ્રતિ ચો.મી.ના ટોકન દરે સદર કચેરી/બોર્ડ/નિગમને ફાળવી શકાશે અને આવી ફાળવણીની દરખાસ્ત અંગે નિર્ણય લેવાની આખરી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવે છે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.........

**નકલ રવાના.**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ તેમજ તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓને જણાવવા સારૂ.

(૨) મદદનીશ મેનેજર, ઉપા. અને વ.સં.શ્રી (સેલ) જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ સદર પરિપત્ર નિગમની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ.
૧૯/૧૨
જનરલ મેનેજર(ઈએન્ડએ)